## પરિશિષ્ટ : ૧.૮
## —સ્વર્ણિમ સુરત : SWARNIM SURAT—
## ભાગ ર ની પર્યાવરણલક્ષી તથા સ્વચ્છતાલક્ષી સુવિધા : ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટર (OWC)

મ્યુ.સોલીડ વેસ્ટ (MSW) રૂલ્સ – ૨૦૧૬ અંતર્ગત નિષ્પન્ન થતા કચરાનું તેના ઉત્પત્તિ સ્થાનેથી વર્ગીકરણ કરવાનું ફરજીયાત બનાવવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સદર નિયમોના અમલ કરવા સંદર્ભે વ્યવહારુ અભિગમવાળી નીતિ સામાન્ય સભાના ઠરાવ નં.૮૪૨/૨૦૧૬, તા.૨૭/૦૭/૨૦૧૬ થી નકકી કરવામાં આવેલ છે, જેમાં નીચેના આંશિક ફેરફાર અનુસાર સહાય (ગ્રાંટ) ઉપલબ્ધ કરાવવાની રહેશે.

નોંધ :

1). સોસાયટીએ સુ.મ.પા. સાથે નિયત નમુનામાં કરાર (એગ્રીમેન્ટ) કરવાનો રહેશે.
2). ૫,૦૦૦ ચો. મી. થી ઓછા વિસ્તારવાળી રહેણાંક સોસાયટીને ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટર (OWC) ની સુવિધા માટે સુરત મહાનગરપાલિકાએ ૧૦૦% સહાય આપવાની રહેશે, જગ્યા તથા ઈન્ફ્રાસ્ટ્રકચરની જોગવાઈ જે તે સોસાયટી સ્વખર્ચે કરશે. મરામત–નિભાવ સોસાયટીએ સ્વખર્ચે કરવાનું રહેશે.
3). ૫,૦૦૦ ચો.મી. કરતા વધુ વિસ્તારની હયાત વસવાટવાળી સોસાયટીઓ માટે મ્યુ.સોલીડ વેસ્ટ (MSW) રૂલ્સ – ૨૦૧૬ મુજબ નિષ્પન્ન થતા કચરાનું તેના ઉત્પત્તિ સ્થાનેથી વર્ગીકરણ કરવાનું તથા તે પેકી જૈવિક કચરાનું શકય બને ત્યાં સુધી સ્થળ ઉપરજ પ્રોસેસિંગ કરવાનું ફરજીયાત હોવાથી આવી રહેણાંક સોસાયટીને ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટર (OWC) ની સુવિધા માટે સુરત મહાનગરપાલિકાએ ૫૦% સહાય આપવાની રહેશે, જગ્યા તથા ઈન્ફ્રાસ્ટ્રકચરની જોગવાઈ જે તે સોસાયટી સ્વખર્ચે કરશે. મરામત–નિભાવ સોસાયટીએ સ્વખર્ચે કરવાનું રહેશે.
4). મ્યુ.સોલીડ વેસ્ટ (MSW) રૂલ્સ – ૨૦૧૬ મુજબ સદર બાબત ફરજિયાત હોવાથી જે સોસાયટી દ્વારા પ્લાન પાસ કરતી સમયે/વિકાસ પરવાનગી મેળવતી સમયે જો આ બાબત પ્લાનમાં દર્શાવેલ હોય તો તે મુજબ સદર વ્યવસ્થા સબંધિત સોસાયટીએ ૧૦૦% સ્વખર્ચે ઉભી કરવાની રહેશે. એવી સોસાયટીને સુરત મહાનગરપાલિકા દ્વારા આ સુવિધામાટે સહાય (ગ્રાન્ટ) લાભ આપી શકાશે નહી. જેથી, ૫,૦૦૦ ચો.મી. કરતા વધુ વિસ્તારની સોસાયટીઓ માટે આ કામ મંજુર કરતા પહેલા સોસાયટીનો મંજુર પ્લાન/વિકાસ પરવાનગી અંગે શહેર વિકાસ વિભાગમાંથી અભિપ્રાય મેળવી લેવાના રહેશે.
5). મા.સાંસદશ્રી/મા. ધારાસભ્યશ્રીની સહાય (ગ્રાંટ) માંથી નિયમોનુસાર ફાળાની રકમ અનુક્રમ ર અને અનુક્રમ ૩ માટે મેળવી શકાશે.
6). સી. એસ. આર. એકટીવીટી અથવા અન્ય ફાળાથી આ કામ માટે પૂરેપુરા ખર્ચ સુધીની સહાય મેળવી શકાશે.